| Publication: Standard Herald | Edition: Ahmedabad |
|---|---|
| Date: September 20, 2016 | Page: 11 |



# એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિ.નો આઈપીઓ ૨૨ સપ્ટેમ્બરે ખુલશે

અમદાવાદ, એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ ("કંપની")એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રોકડના બદલામાં શેરદીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૭૫થી રૂ. ૨૦૨ નક્કી કરવામાં આવી છે અને આ આઈપીઓ મારફતે કંપની કુલ રૂ. ૩,૬૧૦ મિલિયન ("ઈશ્યૂ") ઊભા કરવા ઈચ્છે છે. ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સોમવારે બંધ થશે. બિડ્સ લઘુતમ ૭૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ છે.

સેબી આઈસીડીઆર નિયમન મુજબ, બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની એન્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારના બિડિંગની તારીખ બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ હશે.

ઓફર મારફતે ઓફર થનાર ઈક્વિટી શેરનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") અને બીએસઈ લિમિટેડ ("બીએસઈ") પર થશે.

સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસક્લોઝર રિક્વાયરમેન્ટ) નિયમન, ૨૦૦૯, જેમાં થયેલા સંશોધનો મુજબ ("સેબી આઈસીડીઆર નિયમનો")ના નિયમન ૨૬(૧)ને અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઈશ્યૂ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં ઈશ્યૂનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી") ("ક્યુઆઈબી કેટેગરી")ને ઓફર કરવામાં આવશે, જેમાં શરત એ છે કે કંપની અને પ્રમોટર વિક્રેતાધારકો, જીસીબીઆરએલએમ અને બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબીનો ૬૦ ટકા સુધીનો હિસ્સો એન્કર રોકાણકારોને ફાળવી શકે છે, જેમાંથી સેબીના નિયમ મુજબ, ત્રીજો હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે જ અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી એન્કર રોકાણકારોને ફાળવણીની કિંમત પર કે તેનાથી વધારે કિંમતે બિડ મળવાને આધિન છે